ભાજપના પૂર્વ ધારાસભ્યએ વડોદરા કલેક્ટર કચેરીએ જઈ પક્ષ બનાવવાની કરી જાહેરાત

મધુ શ્રીવાસ્તવ પોતાનો પક્ષ બનાવશે 'ખુલ્લેઆમ કરપ્શન'ના આરોપ સાથે ત્રીજા મોરચાની તૈયારી

ભ્રષ્ટાચાર વિરોધી 'નિષ્ઠાવાન' ઉમેદવારોને મેદાનમાં ઉતારશે

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા વાઘોડિયાના ભાજપના પૂર્વ ધારાસભ્ય અને પોતાના દબંગ નેતા તરીકેની છબી ધરાવતા મધુ શ્રીવાસ્તવે ભારતીય જનતા પાર્ટી છોડ્યા બાદ હવે ગુજરાતના રાજકારણમાં એક નવો વળાંક લાવવાની તૈયારી કરી છે. તેમણે પોતાનો નવો પ્રાદેશિક પક્ષ બનાવવાની જાહેરાત કરી છે, જેના માટે તેઓ ગુરુવારે વડોદરા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી સાથે મુલાકાત કરી હતી.

મધુ શ્રીવાસ્તવે રાજ્યની સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા અને જણાવ્યું હતું કે, "ખુલ્લેઆમ કરપ્શન ચાલે છે. ખુલ્લેઆમ બે નંબરના ધંધા ચાલે છે. સરકાર કે કોઈ કઈ કરતું નથી, એના માટે નવો પક્ષ બનાવવા જઈ રહ્યા છીએ."

તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ નવો પક્ષ ભાજપ કે કોંગ્રેસથી અલગ હશે અને તે 'ત્રીજું નેત્ર' લઈને આવશે. આ પક્ષમાં કોઈ એક જાતિ નહીં, પરંતુ તમામ જાતિના લોકોને સાથે રાખીને એક આગવો પક્ષ બનશે. ભ્રષ્ટાચારને નાબૂદ કરવાના મુખ્ય ઉદ્દેશ સાથે તેઓ યુવા પેઢીને આગળ લાવવા માગે છે જે સચ્ચાઈના માર્ગે ચાલે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, કોર્પોરેશન, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની કામગીરીમાં પણ ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે જેને નાબૂદ કરવા માટે આ નવું નેતૃત્વ બનાવી રહ્યા છે. આવનારી ચૂંટણીઓમાં તેઓ લગભગ તમામ બેઠક પર ઉમેદવાર ઊભા રાખવાની યોજના ધરાવે છે. શ્રીવાસ્તવે ઉમેર્યું હતું કે ટિકિટ ફક્ત એવા લોકોને જ અપાશે જે સાચા, નિષ્ઠાવાન હશે અને ચૂંટાયા બાદ બીજી કોઈ પાર્ટીમાં નહીં જાય. મધુ શ્રીવાસ્તવ વાઘોડિયા બેઠક પર એક મોટું નામ રહ્યું છે. તેમણે 1995માં અપક્ષમાંથી જીત મેળવ્યા બાદ ભાજપમાં જોડાયા હતા અને ત્યારબાદ સતત 6 ટર્મ સુધી વિધાનસભા ચૂંટણી જીતતા આવ્યા હતા. જોકે, 2022ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે તેમને ટિકિટ ન આપતા તેઓ અપક્ષ તરીકે લડ્યા હતા, પરંતુ ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલા સામે હારી ગયા હતા.

મધુ શ્રીવાસ્તવ વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા

શ્રીવાસ્તવ અગાઉ પણ તેમના વિવાદાસ્પદ નિવેદનો માટે ચર્ચામાં રહ્યા છે, જેમાં અધિકારીઓને '14મુ રતન' બતાવવાની ધમકી અને ભ્રષ્ટાચારના આક્ષેપોનો સમાવેશ થાય છે. હવે પોતાનો નવો રાજકીય પક્ષ બનાવીને તેઓ ગુજરાતના રાજકારણમાં શું અસર કરે છે તે જોવું રહ્યું.

ભ્રષ્ટાચાર નાબૂદ કરવા 'ત્રીજું નેત્ર' લઈને આવશે નવો પક્ષ

"અમારું ત્રીજું નેત્ર હશે, ત્રીજું નેત્ર લઈને સચ્ચાઈ પર ચાલનાર, સાચા કામ કરનારા એવા ઉમેદવારને ઊભા રાખીશું અને ચૂંટાઈ લાવીશું. વડોદરા શહેર, જિલ્લા અને તાલુકાનો સારો વિકાસ કરવાના પ્રયાસ કરીશું."

- મધુ શ્રીવાસ્તવ, પૂર્વ ધારાસભ્ય

રેલવે સ્ટેશન નજીક પાલિકાની દબાણ શાખાનો સપાટો

પ્રિયલક્ષ્મી ગરનાળા પાસે ટ્રાફિકજામ સર્જતા હંગામી પથારા દૂર કરાયા

ત્રણ ટ્રક ભરી સામાન જપ્ત; સયાજીગંજ પોલીસની મદદથી રસ્તો ખુલ્લો કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમા રેલવે સ્ટેશન નજીકના વિસ્તારને ટ્રાફિક મુક્ત કરવાની ઝુંબેશ અંતર્ગત ગઈકાલે મોડી રાત્રે મહાનગર પાલિકાની દબાણ શાખાએ મોટી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રિય લક્ષ્મી ગરનાળા મિલેનિયમ બ્રિજ નીચેના ગરનાળા નજીક પ્રિયલક્ષ્મી મિલ રોડ પર છેલ્લા ઘણા સમયથી થયેલા હંગામી દબાણોને દૂર કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં પોલીસનો સહકાર લેવાયો હતો અને

દબાણનો ત્રણ ટ્રક ભરાય તેટલો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

પ્રિયલક્ષ્મી મિલ રોડ રેલવે સ્ટેશનથી નજીક હોવાને કારણે અહીં રાહદારીઓ અને વાહનોની સતત અવરજવર રહે છે. જોકે, કેટલાક પથારાવાળાઓએ રોડ પર જ હંગામી દબાણ કરીને ધંધો જમાવી દીધો હતો. આ દબાણોને કારણે રોડ સાંકડો બની ગયો હતો, જેના પરિણામે ખાસ કરીને પીક અવર્સમાં ગંભીર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી. આ મામલે સ્થાનિકો અને વાહનચાલકો તરફથી મ્યુનિસિપલ કોર્પોરેશન ને સતત ફરિયાદો મળી રહી હતી.

આ ફરિયાદોને ગંભીરતાથી લઈને, પાલિકાની દબાણ શાખાની ટીમે તાત્કાલિક પગલાં લેવાનો નિર્ણય કર્યો. ટીમે આ ઓપરેશન માટે સયાજીગંજ પોલીસ મથકના સ્ટાફ નો સહકાર લીધો હતો. ગઈકાલે રાત્રિના સમયે દબાણ શાખાની ટીમ પોલીસ કાફલા સાથે પ્રિયલક્ષ્મી મિલ રોડ પર પહોંચી હતી અને એક સપાટો બોલાવ્યો હતો.

દબાણ શાખાએ સ્થળ પરના તમામ હંગામી પથારા, લારીઓ અને અન્ય વસ્તુઓ જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. કાર્યવાહી એટલી વ્યાપક હતી કે જપ્ત કરાયેલો સામાન ભરવા માટે ત્રણ જેટલા ટ્રકોની જરૂર પડી હતી. દબાણકર્તાઓના વિરોધ છતાં, પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવીને સમગ્ર ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

આતંકી પ્રવૃત્તિના સમયે સિસ્ટમને બચાવવા માટેની તમામ તૈયારીઓ કરી છે : નરસિમ્હા કોમાર

ઓએનજીસી સહિતના ઓદ્યોગિક એકમોમાં બોમ્બ સ્કવોડ સહિતના ટીમો દ્વારા ચેકિંગ

દિલ્હીમાં થયેલા આતંકી હુમલા બાદ શહેર પોલીસ એલર્ટ મોડમાં

કંપનીઓ અને ઔદ્યોગિક એકમોના અધિકારીઓ સાથે બેઠક પણ યોજાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

દિલ્હીમાં કારમાં થયેલા બ્લાસ્ટના આતંકી હુમલા બાદ વડોદરા શહેર પોલીસ એલર્ટ મોર્ડમાં આવી ગઇ અને શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા બાબતેની બેઠકો અને સિક્યુરિટી ઓડિટ કરાઇ રહ્યું છે. ત્યારે વડોદારના ઓએનજીસી કેમ્પસમાં પોલીસ કમિશનર અને તેમની ટીમે ઓએનજીસીના અધિકારીઓ સાથે બેઠક કરાઇ હતી. ઉપરાંત ઓએનજીસીની સુરક્ષા બાબતે ચર્ચા વિચારણ કરવા સાથે બોમ્બ સ્કવોડની ટીમ દ્વારા ચેકિંગ પણ કરાયું હતું.

દરમિયાન પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે, ઓએનજીસીની સિક્યુરિટી માટે 13 નવેમ્બરના રોજ ઓએનજીસી કેમ્પસની મુલાકાત લેવામાં આવી હતી. અહીં આવતા કર્મચારીઓ, કોન્ટ્રાક્ટ પરના લેબર સહિતના લોકો પ્રવેશ કરે છે ત્યારે તેમનું ચેકિંગ કેવી રીતે કરવાનું તેની સૂચના પોલીસ દ્વારા આપવામાં આવી હતી. ઉપરાંત સાયબર ક્રાઇમ બાબતે પણ માહિતગાર કરવામાં આવ્યાં હતા. શહેર પોલીસની ટીમ અને તેમના સુરક્ષા અધિકારીઓ તેમજ કર્મચારીઓની ટીમ સાથે મળીને સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને આખા કેમ્પસમાં ચકાસણી કરવામાં આવી હતી. આ પ્રકારની કાર્યવાહી વખતોવખત કરવામાં આવશે. લોકલ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી, એસઓજી, , બોમ્બ સ્કવોડ અને ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યુઆરટી) પણ જોડાઈ છે. આતંકી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોને કાઉન્ટર કરવા અને આવા સમયે સિસ્ટમને કેવી રીતે બચાવી શકાય માટે તમામ તૈયારીઓ વડોદરા શહેર પોલીસ વિભાગે સજ્જ કરી લીધી છે. વડોદરા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ઘણી ઉંડાણ પૂર્વક એક્સરસાઇઝ કરી રહ્યા છીએ, ત્યાર તેના ભાગરૂપે 13 નવેમ્બરના રોજ ઓએનજીસીમાં પણ એક્સરસાઇઝ કરાઇ હતી. વડોદરા શહેર પોલીસના કોન્સ્ટેબલથી લઈને એડિશનલ પોલીસ કમિશનર, ડીસીપી, એસીપી સહિતના અધિકારીઓ જોડાયા છે ઉપરાંત ઓએનજીસીમાં સિક્યુરિટી ઓડિટ કરાયું હતું.

વૃદ્ધ ડોક્ટર પત્ની સાથે પ્રવાસે ગયાને મકાનમાંથી રૂ.1.70 લાખની ચોરી

ગોત્રી મંગલમૂર્તિ સોસાયટીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.13

ગોત્રી વિસ્તારમાં રહેતા વૃદ્ધ ડોક્ટર પોતાની પત્ની સાથે દક્ષિણ ભારતના પ્રવાસે ગયા હતા. તે દરમિયાન તેમના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં હતા અને કબાટમાંથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી રૂ. 1.70 લાખ મતાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. જેથી ડોક્ટરે ઘરે પરત આવી ચોરીની ફરિયાદ નોંધાવી છે.

ગોત્રી વિસ્તારમાં મધર્સ સ્કૂલ પાસે આવેલી મંગલમુર્તિ સોસાયટીમાં રહેતા ડો. ભરત ચંપકલાલ શાહ (ઉં.વ.70) ગાયત્રીપાર્ક મકરંદ દેસાઇ રોડની અમી ક્લીનિક નામનું ક્લિનિક ચલાવે છે. ગત 7થી 16 સુધી ડોક્ટર દક્ષિણ ભારતના પ્રવાસ માટે અમદાવાદથી બાય પ્લેન સગા સંબંધીઓ સાથે જવાનું હતું. જેથી ગત 7 નવેમ્બરના રોજ બપોરના અઢિ વાગ્યાના સમયે ડોક્ટર તેમની પત્ની ઉમા શાહ સાથે ઘર બંધ કરીને સોસાયટીમાં તેમની ઘરની સામે રહેતા નાગરાજ ભાઇના પત્નીને સુવર્ણાબેનને ચાવી આપી ભાડાની કાર લઈને અમદાવાદા અરપોર્ટ પર ગયા હતા. ત્યારે અન્ય લોકો પણ આવ્યાં હતા અને પ્લેનમાં બેસીને બેગ્લોર પહોંચ્યાં હતા. ત્યારબાદ દક્ષિણ ભારત પ્રવાસે ગયા હતા ત્યારબાદ 10 નવેમ્બરે મદુરાઇ ખાતે મનિક્ષી મંદિર દર્શને પહોંચ્યાં હતા અને રાત્રીના સમયે જમીનને તેમની હોટલ પર ગયા હતા. મોબાઇલ જોતા ઘણા સંબંધીઓના ફોન કોલ્સ હતા. જેથી સંબધીઓ સાથે વાત કરતા તમારા ઘરમા ચોરી થઇહોવાની જાણ કરી હતી. જેથી વૃદ્ધ ડોક્ટર પોતાની પત્ની સાથે પરત ઘરે આવી ગયા હતા અને બેડરૂમમાંતપાસ કરતા ઘરવખરી સહિતનો સામાન વેરવિખેર હાલતમાં પણ પડેલો જોવા મળ્યો હતો. જેથી કબાટમાં જઇને તપાસ કરી હતી ત્યારે સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા 70 હજાર મળી રૂ. 1.70 લાખની માલ મતાની ચોરી થઇ હોવાનુ માલુમ પડ્યું હતું.

ગોત્રીના બંધ મકાનમાં આગ, ત્રણ સિલિન્ડર ફાટવાની અણીએ હતા

સરસામાનને પારાવાર નુકસાન થયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

ગોત્રી વિસ્તારમાં આવેલા બારોટ ફળિયામાં બે માળના મકાનમાં ઉપરના બીજા માળે કિચનમાં આગ લાગી હતી. પરિવારના સભ્યો બહાર ગયા હોવાથી તેમનો બચાવ થયો હતો.આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી,પરંતુ ગેસ સિલિન્ડર આગમાં લપેટાયેલો હોવાથી ગેસ લીકેજને કારણે આગ લાગી હોવાનું મનાય છે. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે કિચન અને ડ્રોઈંગ રૂમની તમામ ઘરવખરી તેમાં લપેટાઈ ગઈ હતી. જ્યારે આસપાસના મકાનોમાં પણ ધુમાડા છવાઈ ગયા હતા.

જો ફાયર બ્રિગેડ થોડી મોડી પડી હોત તો આ મકાનોમાં પણ આગ લાગવાની શક્યતા હતી. કોલ મળતા સાથે જ વડોદરા વાસણા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા બે

ફાયરની ટીમે ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. સબ ફાયર ઓફિસર જયદીપ ગઢવીએ જણાવ્યું હતું કે, આગ એટલી વિકરાળ હતી કે ઘરમાં રહેલ સામાન બળીને ખાખ થઈ ગયો છે. ઘરમાં ત્રણથી ચાર ગેસની બોટલ નીકળી છે અને લીકેજ હતા જે ફાટવાની શક્યતાઓ હતી અને ઘણું જોખમી હતું. હજુ સુધી આગનું ચોક્કસ કારણ મળવા નથી મળ્યું પરંતુ, રો-હાઉસ જેવું મકાન હતું જેથી કિચન અને ડ્રોઈંગ રૂમ સાથે હતું એટલે કિચનમાંથી આગ લાગી હોય તેવું લાગી રહ્યું છે. અમારા માટે સૌથી ચેલેન્જિંગ બાબત હતી કે અંદર એક ગેસની બોટલ લીકેજ હતી અને આસપાસ પડેલ અન્ય બોટલો આગમાં હતી. જેથી બાજુમાં રહેલી એક બોટલ આખી ફૂલીગઈ હતી અને તે ફાટવાની તૈયારી હતી.

આજવા રોડ જેસિંગપુરામાં ખુલ્લી જગ્યામાં આગ

આજવા રોડ પર જેસિંગપુરા ખાતે પોદ્દાર સ્કૂલની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં રહસ્યમય સંજોગોમાં આગ લાગી હતી. પ્રાથમિક માહિતી અનુસાર ગેસ લાઈનમાં લીકેજ થવાના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવાયું હતું. આગ ધીમે ધીમે પ્રસરી હતી. જ્યારે, બનાવને પગલે આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને આગની ઘટનાનો વીડિયો બનાવી વાયરલ કર્યો હતો. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડ અને ગેસ વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હોવાની માહિતી મળી હતી. સદનસીબે ખુલ્લી જગ્યા હોવાથી કોઈ જાનહાનિ થઈ ન હતી.

રોડ બનાવવા માટી પર જ ડામર પાથરવાનું કૌભાંડ બહાર આવ્યું

અટલાદરા તળાવ પાસે થોડા જ દિવસોમાં ડામર ઊખડી પડતા ભ્રષ્ટાચારના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં. 12 હેઠળ આવતા અટલાદરા વિસ્તારમાં તાજેતરમાં બનાવવામાં આવેલ તળાવ પાસેના નવા રસ્તાની ગુણવત્તા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. સામાજિક કાર્યકરોએ આ માર્ગમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા છે અને જવાબદાર કોન્ટ્રાક્ટર તથા અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માંગણી ઉઠાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, અટલાદરા તળાવ પાસે કોર્પોરેશન દ્વારા થોડા જ સમય પહેલા નવો રસ્તો તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ રસ્તો કાર્ય શરૂ થયા બાદથી જ નબળી ગુણવત્તા અંગે ચર્ચાઓ ચાલી રહી હતી. તાજેતરમાં રસ્તામાં ડામર ઊખડી પડતા અને સપાટી પર પોપડા નીકળતા દ્રશ્યો સામે આવ્યાં છે. રસ્તાની આ હાલતથી સ્થાનિક રહેવાસીઓમાં પણ નારાજગી ફેલાઈ છે.

સ્થાનિક સામાજિક કાર્યકરે જણાવ્યું કે, નાગરિકોની ફરિયાદો મળ્યા બાદ તેઓ સ્થળ પર ચકાસણી કરવા જવાના હતા. પરંતુ તેમની ચકાસણીની જાણ થતાં જ સંબંધિત કોન્ટ્રાક્ટર અને મ્યુનિસિપલ અધિકારીઓએ તાકીદે પેચવર્કની કામગીરી હાથ ધરી હતી. આ દરમ્યાન રસ્તો સાફ કર્યા વગર જ માટી પર સીધું ડામર પાથરી દેવામાં આવ્યું હોવાનું પણ સામે આવ્યું છે. જેના કારણે ડામર યોગ્ય રીતે ચોંટ્યો નહીં અને થોડા જ દિવસોમાં ઉપરની સપાટી ઉખડી પડી. સ્થાનિકોએ જણાવ્યું કે જાહેર નાણાંથી થતા વિકાસ કાર્યોમાં જો ગુણવત્તા જાળવવામાં બેદરકારી દાખવવામાં આવે, તો તે નાણાનો વેડફાટ સમાન છે. આવી ખામી માટે જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે યોગ્ય તપાસ કરીને કડક કાર્યવાહી થવી જોઈએ.

તને કોડ છે તને રાખવી નથી તેમ કહી પત્ની પર ત્રાસ ગુજારતો પતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વારસીયા રહેતી યુવતીના લગ્ન પાંચ વર્ષ પહેલાં સામાજિક રીત રીવાજ મુજબ થયા હતા. સંતાનમાં એક દીકરો છે, છેલ્લા છ મહિનાથી મહિલાને તેના પતિએ તને કોડ છે એટલે મારે તને રાખવી નથી, બીજી દસ છોકરીઓ મળી જશે એટલે થોડા સમયે માટે પરીણીતા પિયર છે.. તેમના પતિ પિયરમાં આવીને છોકરો છીનવી લેવાનો પ્રયાસ કરે છે અને પત્નીની પમ મારઝૂડ કરે છે. પરંતુ પરીણીતાને કોડ નથી પણ મને લોહીની ઉણપ છે અને બીમાર રહે છે. તેમજ બી12ની ઉણપ સાથે છ મહિના થી મને હોઠના ભાગે સફેદ ડાઘ પડ્યો છે. જેથી પતિએ છૂટાછેડાની ધમકી આપવા સાથે છોકરો આપી દે તને રાખવી નથી તે કહી ગેરવર્તન કરે છે. તેવું તેવી ફોન કરી અભયમને જણાવ્યું હતું. જેથી અભયમની ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગઈહતી અને પતિ હજાર ના હોવાથી પત્નીને કાયદાકીય સલાહ સૂચન આપી પોલીસ સ્ટેશન લઈ જઈ પતિના વિરુદ્ધ આગળની કાર્યવાહી માટે અરજી આપી છે.

નંદેસરી પોલીસે દારૂની ડિલિવરી આપવા જતી બે મહિલા અને ચાલકની ધરપકડ કરી

મહિલાઓને સાથે રાખીને કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતી ગેંગનો પર્દાફાશ

મોટી માત્રા વિદેશી ક્વાટરિયા અને કાર સહિતનો મુદ્દામાલ કબજે કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

બુટલેગરો દારૂની હેરાફેરી કરવા માટે નીત નવા કીમિયા અજમાવતા હોય છે. પરંતુ હવે બુટલેગરો નવો નુસ્ખો અજમાવ્યો છે. જેમાં કારમાં મહિલાઓને બેસાડીને દારૂની ડિલિવરી સ્થળ લઇ જવામાં આવે છે જો કોઇ પોલીસ રોકે તો મહિલાઓ બેઠેલી હોય તો લાગે કે પરિવાર જાય છે અને તેમને કોઇ શક ન પડે. પરંતુ નંદેસરી પોલીસે બુટલેગરના આ કિમીયાના નાકીમિયાબ બનાવ્યો છે. નંદેસરી ચોકડી પાસે કારમાં મહિલાઓ સાથે રાખીને દારૂ આપવા જતી ગેંગને ઝડપી પાડી હતી.

નંદેસરી પોલીસે તાજેતરમાં ટેમ્પામાં આણંદ ખાતે દારૂની લઇ જતા એક

શખ્સને ઝડપી પાડ્યો હતો. દરમિયાન ફરી 12 નવેમ્બરના રોજ નંદેસરી પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી હતી. બાતમી મળી હતી કે કારમાં કેટલાક શખ્સો વિદેશી દારૂનો જથ્થો ફરીને ડિલિવરી આપવા માટે જઇ રહ્યા છે અને હાલમાં નંદેસરી ચોકડી પાસેથી પસાર થવાના છે. જેથી નદેસરી પોલીસે બાતમીના આધારે સ્થળ પર વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબના કાર આવતા પોલીસે ચાલકને ઉભી રાખવા ઇસારો કર્યો હતો. ત્યારે ચાલક સાઇડમાં કાર ઉભી રાખી હતી. ત્યારે કારમાં તપાસ કરી હતી ત્યારે તેમાં ચાલક સહિત બે મહિલાઓ પણ બેઠેલી જોવા મળી હતી. બુટલેગરો પોલીસની આંખમાં ધુળ નાખવા માટે નવો કીમિયો અપનાવ્યો છે. જેમાં બુટલેગરો વાહનોમાં દારૂની હેરાફેરી કરતી વેળા જો મહિલાઓ વાહનમાં પોલીસને એવુ લાગે કે પરિવાર જઇ રહ્યો છે અને તેમને શંકા ન જાય પરતું નંદેસરી પોલીસે બુટલેગરો આ કિમીયો પણ નાકામીયાબ બનાવ્યો છે. જોકે પોલીસે કારમાં તપાસ કરતા લગભગ મોટી માત્રામાં વિદેશી દારૂની ની બોટલો મળી આવી હતી.

એચઈસીનો આવકમાં 97%નો ઉછાળો, નફામાં 82%નો વધારો

વડોદરા : એચઈસી ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રના અગ્રણી ખેલાડીઓ પૈકીની એક અને એક્સ્ટ્રા હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટ્સમાં વિશેષતા ધરાવતી કંપનીએ, નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન પર ટિપ્પણી કરતા, એચઈસી ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગૌરાંગ શાહે જણાવ્યું, "અમને બીજા ત્રિમાસિકમાં મજબૂત વૃદ્ધિની જાણ કરતા ખુશી થઈ રહી છે, જે અમારી સતત કાર્યકારી શક્તિ અને અમલીકરણ ક્ષમતાઓને પ્રતિબિંબિત કરે છે. નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિક દરમિયાન, પ્રોજેક્ટના અમલીકરણમાં સુધારો અને સ્થિર ઓર્ડર ઈનફ્લોના કારણે કુલ આવક વાર્ષિક ધોરણે લગભગ બમણી થઈને 40.82 કરોડ થઈ. EBITDAમાં 106%નો વધારો થયો, જ્યારે ચોખ્ખો નફો 82% વધ્યો, જે વધેલી કાર્યકારી કાર્યક્ષમતા અને ખર્ચ શિસ્ત પર ભાર મૂકે છે.

સચિન GIDCમાં ટ્રકે ટક્કર મારતા બાઈકચાલક લૂમ્સ કારીગરનું મોત

સુરતઃ સચિન જીઆઈડીસીમાં રહેતો યુવક બાઈક લઈને એક કારખાનાથી બીજા કારખાને જઈ રહ્યો હતો. ત્યારે ટ્રક ચાલકે તેની બાઈકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલમાં સચિન જીઆઈડીસી ખાતેની તોરલ કંપનીમાં રહેતો 30 વર્ષીય મોહમ્મદ તસલીમ મોહમ્મદ કલીમ લૂમ્સના કારખાનામાં કામ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. મોહમ્મદ તસલીમ ગુરુવારે સવારે બાઈક લઈને એક કારખાને બીજા કારખાને જઈ રહ્યો હતો. ત્યારે સચિન જીઆઈડીસી સી.આર પાટીલ રોડ ખાતે ટ્રક ચાલકે તેની બાઈકને અડફેટે લીધી હતી. ગંભીર ઈજાને પગલે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સચિન જીઆઈડીસી પોલીસે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ કરી મોહમ્મદ તસલીમના મૃતદેહને પી.એમ કરાવવા માટે નવી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

દિલ્હીમા થયેલા બ્લાસ્ટના પગલે એસઓજીએ હોટલમાં ચેકિંગ શરૂ કર્યું

રાધે કિષ્ના હોટલના સંચાલક વિરુદ્ધ પોલીસ કમિશનર જાહેર નામા ભંગનો ગુનો દાખલ

હોટલ માલિકે પથિક સોફ્ટવેરના આઇડી પાસવર્ડ મેળવ્યા ન હતા અને ગ્રાહકોને રજિસ્ટર પણ મેન્ટેન રાખ્યું ન હતુ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

દિલ્હીમાં થયેલા બ્લાસ્ટના પગલે નિઝામપુરા વિસ્તારમાં આવેલી રાધે ક્રિષ્ના હોટલમાં એસઓજીની ટીમે ચેકિંગ હાથ ધર્યું હતું. ત્યારે આ હોટલના સંચાલકે પથિક સોફ્ટવેરના આઇડી પાસવર્ડ નહી મેળવી તેમજ આવતા મુસાફરોના નિયમ મુજબ એન્ટ્રી નહી કરીને પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો. જેથી એસઓજી પોલીસેહોટલ સંચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દિલ્હીમાં તાજેતરમાં કારમાં બ્લાસ્ટ થયો હતો જેમાં ઘણા નિર્દોષ લોકોના મોત નિપજ્યાં હતા જો આતંકદવાદીઓ સહિતના શંકાસ્પદ વ્યક્તિઓ શહેરના અલગ અલગ હોટલમાં આવીને છુપી રીતે વસવાટ કરતા હોય છે.ત્યારે દિલ્હી બ્લાસ્ટ લઈને વડોદરાની સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમ એક્શનમાં આવી ગઇ છે અને પીઆઇ એસ ડી રાતડાની સૂચના મુજબ એસઓજી ટીમ દ્વારા વડોદરા શહેરમાં લોકોને રહેવાની સગવડ પુરી પાડતા હોટલો, લોજ, ધર્મશાળા, બોર્ડિંગ, તથા મુસાફરખાનામાં ઓપરેશન હાથ ધરીને ચેકિંગ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમા હોટલ સંચાલકો દ્વારા પથિક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરી છે કે કેમ ? રજીસ્ટરમાં તમામ એન્ટ્રીઓ પથિક સોફ્ટવેરમાં ઓનલાઇન એન્ટ્રી કરી છે કેમ ? તથા હોટલમાં આવતા જતા મુસાફરોના વિઝિટિંગ કાર્ડ, આઇડી પ્રુફ, મોબાઇલ નંબર તથા હોટલમાં સીસીટીવી કેમેરા લગાડેલા છે કે નહી? અને લગાડેલા હોય તો ત્રણ માસનું બેકઅપ રાખવામાં આવ્યુ છે ? તે બાબતોનુ ચેકિંગ કરવામાં આવ્યું હતું. ત્યારે નિઝામપુરા વિસ્તારમાં આવેલી રાધે ક્રિષ્ના હોટલમાં ચેકિંગ દરમિયાન મુસાફરોની ઓનલાઇન એન્ટ્રી માટે પથિક સોફ્ટવેરના આઇડી પાસવર્ડ મેળવ્યા ન હોય તેમજ આવતા જતા મુસાફરોની રજિસ્ટરમાં એન્ટ્રી કરી ન હોય આહોટલના સંચલાક ઈન્દરલાલ ધરનાર પટેલ (રહે. માયર કેજડ, ઉદયપુર રાજસ્થાન હાલ નિઝામપુરા) વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે.

ઈકોરેકોએ ત્રિમાસિકમાં 11%ની વાર્ષિક વૃદ્ધિ નોંધાવી

વડોદરા : ઈકો રિસાયક્લિંગ લિમિટેડ (BSE: ECORECO), ભારતની અગ્રણી અને અગ્રણી વ્યાવસાયિક ઈ-વેસ્ટ મેનેજમેન્ટ કંપનીએ નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો પ્રકાશિત કર્યા છે. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન, કંપનીએ નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિકમાં 14.48 કરોડ રૂપિયાની કુલ આવક પર 6.18 કરોડ રૂપિયાનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો નોંધાવ્યો. રિસાયક્લિંગ ક્ષમતામાં વધારાથી ઓપરેટિંગ આવકમાં વધારો થયો. પ્રદર્શન પર ટિપ્પણી કરતા, ઈકો રિસાયક્લિંગ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી કે સોનીએ જણાવ્યું, "નાણાકીય વર્ષ 26નો બીજો ત્રિમાસિક ગાળો અમારા માટે મહત્વપૂર્ણ તબક્કો રહ્યો, જે સ્થિર વૃદ્ધિ, મજબૂત સંચાલન અને સહાયક નીતિગત વાતાવરણ દ્વારા ચિહ્નિત થયેલ હતો.

ઉત્તમ પરિણામ ધરાવતા 47 વિદ્યાર્થીઓને સીયુજી પદકથી સન્માનિત કરાશે

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના છઠ્ઠા દીક્ષાંત સમાર